# કાકા કાકી

મારા દાદા ધરમશી બાપાનો જન્મ આશરે 1895 માં થયો હશે. દાદાને 8 દીકરા, એમાં સૌથી મોટા તે મારા પિતા. આ સમયમાં બાળ લગ્ન થતા. લગ્ન દર 12 વર્ષે ફક્ત વૈશાખ શૂદ ત્રીજ એટલે કે અખા ત્રીજ ના દિવસે જ થાય. મોટા માં મોટો વર કે કન્યા 12 વરસની વય ના હોય તો વળી નાનામાં નાના 10 દિવસ ના પણ હોય. છોકરો 17-18 વરસનો થાય એટલે એને ઘરે સંતાન હોય ને સમાજની અપેક્ષા પણ હોય કે હવે એને ઘરે પારણું બંધાવું જોઈએ. એ ન્યાયે મારા દાદા 25-30 વરસના થયા ત્યાં સુધી કોઈ સંતાન નહોતું એટલે બાધા આખડી રાખવાનું ચાલુ થાય ગયું. સંતાન જન્મે ને મારી ના જાય માટે એના નામ ઉકરડો, કચરો, ડુંગર જેવા રખાતા એ ન્યાયે 1925 ઑગષ્ટની 31 તારીખે મારા પિતા નો જન્મ થયો ત્યારે મારા દાદાની ઉંમર 29-30 વરસ હતી એ ન્યાયે તેનું નામ કચરો રાખ્યું. દાદાને ત્યાં 1927 માં બીજા દીકરા નો જન્મ થયો એનું નામ જીવરાજ રાખ્યું, ને 1931-32 માં ત્રીજા દીકરા નું નામ ડાયાલાલ.

અંગ્રેજ સરકારે બાળ લગ્ન બંધ કરતો કાયદો બનાવ્યો ને આશરે 1928 માં છેલ્લા બાળ લગ્ન થયા એમાં મારા પિતા અને જીવરાજ કાકા ના લગ્ન થયા. મારા પિતા 2 વરસ ના ને મારા બા પણ લગભગ એટલા. મારુ મોસાળ નજીકના મીતડી ગામે એટલે મારા દાદા ને એમના પાડોશી નરશીબાપા ધડુક મારા પિતા ને તેડી ને જાન માં ગયેલ. બળદ ગાડાં માં જાન જાય ને ગામ માં દરેક ને ઘરે લગ્ન હોય એટલે જાનૈયા મળે નહીં એટલે પાડોશના એક બે જાણ જાન માં જાય. મારા કાકા જીવરાજભાઈ તો એક વરસ ના પણ નહિ એટલે મારા દાદી લાધીબા તેમને તેડી ને ગણા ગામે સંતોકમા ધડુક ને બીજા એક ખેડૂત ને લઇ ને બળદ ગાડા માં ગયા. લગ્ન પછી દીકરી માવતર રહે ને 14-15 વરસની થાય પછી આણું તેડી સાસરે જાય. 1936 માં કરમશી કાકા ને 1939 માં ઝીણા કાકા નો જન્મ થયો. 1941 માં અર્જન કાકા ના જન્મ પછી 1943 માં મારા દાદી ને સુવાવડ આવવાની હતી એટલે મારા દાદી ની સેવા કરવા મારા બાનું આણું 1943 માં લઇ મારા બા ને નાનડિયા તેડી લાવ્યા. 1943 માં ઓગસ્ટ માં મારા દાદાના સાતમા દીકરા ગોવિન્દ કાકા નો જન્મ થયો.

17 વરસની નાની ઉંમરે મારા બા નિર્મળા બેન સાસુ ની ને તાજા જન્મેલ દિયર ની સારસંભાળ રાખતા ઘર ને ખેતીનું કામ કરતા પણ સાથે બીજા 1 વરસ થી માંડી બીજા 5 દિયર, પતિ ને સસરા નું કામ કરી લોથપોથ થાય જાય. 1944 માં જીવરાજ કાકા ના પત્ની દુધીકાકી નું આણું વાળી ગણા ગામથી નાનડિયા તેડી લાવ્યા. 1969 સુધી નાનડિયા ગામે વીજળી કે રસ્તા નહિ એટલે સ્ત્રીઓએ સવારે 3 વાગે ઉઠી પાણી ભરવા કૂવે જવાનું, ઢોર નું વાસિંદુ વાળવાનું ને ઘંટીએ લોટ દળવાનો ને પછી ખેતર જવાનું. 1945 ડિસેમ્બર માં મારા બેન નો જન્મ થયો ને 1946 ના શરૂઆતમાં જીવરાજકાકા ને ત્યાં પણ દીકરી નો જન્મ થયો. મારા પિતા ને જીવરાજકાકા ખેતી નું કામ કરતા ને રાત દિવસ વારા ફરતી વાડી એ વાહુ રોકાય ને કુવા માં કોષ ચલાવી મોલાતને પાણી પાય.

એક ભાઇ વાડીએ રાત રોકાય તો બીજો ભાઇ એને વાળું દેવા જાય ને સવારે શિરામણ લઇ જાય. 1946 ની એક રાતે મારા પિતા રાતે વાડીએ હતા ને બીજા ડીવસે સવારે જીવરાજકાકા ને શિરામણ લઇ વાડીએ જવાનું હતું. મારા પિતાનું અવસાન 2014 ફેબ્રુઆરી માં થયું પછી 2017 ઑગષ્ટમાં પિતાની યાદમાં માણાવદર કીર્તન નો કાર્યક્રમ હતો. મારા બા ત્યારે ગોધરા હતા ને 92 વરસની જૈફ ઉંમરે મુસાફરી કરી શકે તેમ ના હોવાથી હું તેમની સાથે હતો. 1946ના એ ગોઝારા દિવસો તેમને બરોબર યાદ હતા. જીવરાજ કાકાને ખબર હતી કે આજ એમનો આખરી દિવસ છે. વહેલા ઉઠી ને ઘોડિયા માં સુતેલી પોતાની દીકરી ને અને પછી મારા બેન ધીરીબેન ને ઉઠાડી ખુબ રમાડ્યા. પથારી માં સુતેલા ગોવિંદકાકા ને ઉઠાડ્યા ને મારા દાદી ખિજાયા કે તું કેમ બધા સુતેલાને જગાડે છે? શાંત ચિતે જીવરાજ કાકા જવાબ આપે છે કે આજ બધા ને રમાડી લેવા છે કાલ કોણે દીઠી છે? એ સમયમાં

સ્ત્રી માસિક ધર્મમાં હોય તો ઘરમાં રસોઈનું ને પાણીનું કામ ના કરે. એ દિવસે મારા બા અને દાદી બંને માસિક ધર્મમાં હોય રસોઇ ડાયા કાકા ને મારા પિતા એ કરી ને મારા દાદા ઘી વેંચવા મહોબ્બતપરા ગમે ગયેલ. જીવરાજકાકા રોજ કરતા આજ જુદા લાગતા હતા ને એમનું વર્તન એકદમ અલગ હતું. પેટ ભરી ને દીકરી, ભત્રીજી અને ભાઇ ને રમાડયા ને શાંત ચિતે રોજ ની જેમ ખેતર ની વાટ પકડી અને તે એમનો છેલો દિવસ હતો. સાંજે એમનું આકસ્મિક અવસાન થયું. મારા પિતા સાંજે વાળું આપવા ગયા ત્યારે જીવરાજ ભાઈને મરેલા જોયા, એમને આ દ્રશ્ય જોયું ને જીવનભર એ જગ્યા નું જતન કર્યું, વાડી એ જાય ત્યારે ત્યાંથી માટી લઇ નમન કરતા. પિતા અમે આ અંગે પૂછતાં તો ગમગીન બની જતા ને વિશેષ વાત ના કરી શકતા.

થોડા સમયમાં જીવરાજકાકાની દીકરી નું પણ મૃત્યુ થયું ને દૂધી કાકી 1947 મા પિયર ગણા ગામે જતા રહ્યા. એમણે 1948-49 માં ખડિયા ગામે બીજા લગ્ન કર્યા. 15-20 વર્ષ પછી મારા બા બાંટવા થી થાનીયાણા જતા હતા ને એક બેન જાણીતા લાગ્યા ને પૂછ્યું તું દૂધી? બંને દેરાણી જેઠાણી ઘણા વરસ પછી મળ્યા ને પેટ ભરી ને વાતો કરી. 1928 માં બાળ લગ્ન બંધ થયા ને ગામના લોકો છોકરાઓને ભણાવવા લાગ્યા. ડાયાકાકા અલિયાબાળા PTC કરવા ગયા ને શિક્ષક બન્યા. 1969 એપ્રિલ માં મારા દાદીનું અવસાન થયું. ડાયાકાકા ને 13-14 વરસની ઉંમરે ભાઇ ગુમાવ્યા નું દુઃખ હતું ને જીવરાજભાઇ ના આત્મા ને શાંતિ મળે તે માટે તેમણે 1971-72 માં નાનડિયા માં ભાગવત સપ્તાહ બેસાડી. દાદાનું નવેમ્બર 1977 માં અવસાન થયું.

1980 ના દાયકા માં મોટર હોવી એટલે સૌરાષ્ટ્રમાં મોભાનું સાધન ગણાતું, મોટર હોય તો તમને જાત જાતના ને ભાત ભાતના આમન્ત્રણ મળે. મારી પાસે એમ્બેસડર ગાડી હતી. 1982 માં એક મિત્ર મનસુખ સુરેજા ના ભાઈ પરષોત્તમ નું નાની વયે મૃત્યુ થયું એની પાછળ ભાગવત સપ્તાહનું ખડિયા ગમે આયોજન થયેલ. મને ખાડિયા લઇ જવા આયોજકે ખુબ પ્રયત્ન કર્યા ને મારો પરિચય પાક્કો કરવા મારા જયેષ્ટ અને પ્રૌઢ મિત્ર અરજણ બાપા પઢીયાર દ્વારા સંપર્ક કર્યો. હું આવા પ્રસંગે જવા નું ટાળું પણ અરજણ બાપા વાતો ના માહિર ને ગમે તે ગામમાં તમારા સંબંધ ગોતી કાઢે. મારી જોડે ખુબ વાતો કરી ને મારે ખાડિયા ગામમાં કોઈ ઓળખીતું નીકળે તેના માટે આકાશ પાતાળ એક કર્યું. મારા જન્મ પહેલા કાકા મારી ગયા ને કાકી પણ એના સંસારમાં ગોઠવાય ગયેલ, ને સૌરાષ્ટ્ર માં આ પ્રકારની ઓળખાણને લોકો ભૂલી જવા માં માને ને એને સામાજિક રીતે સ્વીકારાય પણ નહિ. પણ મેં દૂધી કાકી ખાડિયા છે ને એમને મળી શકાય તો ખાડિયા આવું એવી શરત મૂકી. ખડિયા ગામ નાનું ને કોઈ બાઈ નું નામ ને પિયર નું ગામ નું નામ લો તો બધા કોઈ ને પણ ઓળખી બતાવે. અરજણ બાપાએ યજમાનના ઘરે વાત કરી, તેમણે કહ્યું દૂધી છે ખરી પણ એનું તો આ પહેલું લગ્ન છે ને તે પહેલા નાનડિયા સાસરે હતા નહિ. પણ કોઈ ને ખબર નહિ કે દૂધીબેન નું આ બીજું લગ્ન છે કારણ કે 35-40 વરસ નો ગાળો વીતી ગયેલો. ઘણી બધા લોકો જોડે વાત થઈ પણ કોઈ મારી બે વાત સાથે સંમત ના થયું. એક તો દૂધીબેન બીજી વાર લગ્ન વાળા નથી ને બીજું જો તમે કહો તેવું હોય તો મળવા પણ ના જવાય. અરજણ બાપા ભારે ખંતીલા ને મારી ઉપર ખુબ પ્રેમ, મારા કરતા ઉંમરમાં 30 - 35 વરસ મોટા, મને કહે બેટા તારા કાકી જોડે મુલાકાત કરાવું નહિ તો મારુ નામ અરજણ નહિ. ગામના ના પડતા હોવા છતાં બાપા સીધા કોઇ ને પૂછી ઘર શોધી દૂધી કાકી ના ઘરે ગયા ને તેમના પતિ ને જ વાત કરી કે દૂધી બેનના અગાઉના સસરા પક્ષથી તેમના ભત્રીજા અહીં માધાભાઇ સુરેજા ને ત્યાં આવ્યા છે ને એને કાકીને મળવું છે. તેમના ઘરના લોકો ને આશ્ચર્ય થયું પણ એથી વિશેષ તો આંનદ થયો ને કહ્યું મહેમાનને બોલાવી લાવો.

સાંજના સમયે અમે તેમના ઘરે ગયા. તેમના દીકરા પણ મારાથી મોટી ઉંમરના, ને મોટું વહુ છોરું વાળું ઘર. બધા સમૂહમાં બેઠા નાની મોટી વાતો કરી કાકી સિવાય બધા ઉઠી ઉઠી ને જતા રહ્યા, ને છેલ્લે કાકી ના પતિ કહે હું ચોરે જાઉં છું, માશી ભાણેજ વાતો કરો. કાકી એ જૂની નવી પેઢી ને વાતો વાગોળી ઘણું બધું જાણવા પ્રયત્ન કર્યો,

ખુબ વાતો કરી ને બધા ને યાદ આપજે ને તારી બાને ખાસ કહી છુટા પડ્યા. ચાર દાયકા પહેલાના પોતાના ઘરની વાતો સાંભળી એમને ખુબ આનંદ થયો ને મને આનંદ થયો એનાથી વિશેષ આ વાત સાંભળી મારા બાને થયો. મને પૂછ્યું દૂધી કાકી લાગતા તા તો સુખી ને? કાકી એ કોને કોને યાદ કર્યાં? કોઈ ની યાદમાં 25 વર્ષે કથા કરાવવી કે, જે જગ્યાએ ભાઈ નું મોત થયું તે જગ્યા ને ઝાડ પણ યાદ રાખી તેનું 50 વરસ જતાં કરવું કે 60 વર્ષે સ્વજનના મૃત્યુ નું આબેહૂબ વર્ણન કરી શકે એટલું 92 વર્ષે યાદ હોય તે જ એ વાત ની પ્રતીતિ કરાવે છે કે નાની ઉમર નો ભાઈ, દીકરો કે દિયર ગુમાવવો કેટલો પીડાદાયક હશે? મેં પૂછ્યું કે જીવરાજ કાકા કોના જેવા દેખાતા હતા? બા કહે જીવરાજ કાકા આબેહૂબ ગોરધન કાકા જેવું લગતા ને જેનો જન્મ જીવરાજ કાકા ના મૃત્યુ પછી 3 વર્ષે એટલે કે 1949 ફેબ્રુઆરી માં થયો હતો. બા એ છેલ્લે કહ્યું કે તારા બાપુજી જીવતા હતા ત્યાં સુધી તો જીવરાજ કાકા ને યાદ કરતા જ તે રોવા માંડતા એટલે અમે એ વાત ટાળતા પણ આજ એમના જવા ને ચાર વર્ષ થઈ ગયા ને એમની યાદગીરી નો પણ આજ છેલ્લો પ્રસંગ છે તો તને કહી દઉં કે 1946 પછી આજ દિન સુધી અમે ક્યારેય શ્રી કૃષ્ણ શરણ મમઃ કર્યા વગર કે કાકા યાદ કાર્ય વગર કાંઈ ખાધું નથી.